બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
BAPS
સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૫ જૂન, ૨૦૦૮)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ - ૩ : પ્રશ્નપત્ર - ૧** (કુલ ગુણ : ૧૦૦)

**નોંધ :- જમણી બાજુએ આપેલ અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.**

## વિભાગ - ૧ : 'વચનામૃત'ના આધારે

**પ્રશ્ન.૧. નીચેનામાંથી કોઈ પણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૧)

૧. એવી રીતે જે હરિભક્ત વર્તે તેને અતિ બળવાન એવા જે કામ, ક્રોધાદિક શત્રુ તે પણ પરાભવ કરી શકતા નથી.
૨. વશિષ્ઠ, પરાશર, વિશ્વામિત્રાદિક ઋષિ એ સર્વેમાં ગુણનો પ્રવેશ જણાયો છે, તો પણ તે મુક્ત કહેવાય.
૩. એવા જે ભગવદ્ભક્ત મોટા સાધુ તે સંગાથે પોતાના જીવને જડી દેવો ને તેના વચનમાં મન-કર્મ-વચને વર્તવું.
૪. સોનાના દોરાના દૃષ્ટાંતે દૃઢ હરિભક્તોની સ્થિતિ.
૫. ભગવાનના ભક્તને એ જ મોટું વિઘ્ન છે જે, જે પોતાનામાં દોષ હોય તેને દેખે નહિ.

**પ્રશ્ન.૨. નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** (ગુણ ૧૫)

૧. દેહાભિમાને રહિત ને ....... વચનમાં મન-કર્મ-વચને વર્તવું.
૨. ધર્મસંબંધી સાધનમાં ....... રહે તો સર્વે આવે.
૩. અને જેવે રૂપે ....... પ્રીતિ થાય જ નહિ.
૪. એવી રીતે ચાર પ્રકારના ....... સહિત ભક્તિ આવે છે.
૫. ભગવાને બ્રહ્માંડને વિષે ....... તે તો મહામોટું છે.

**પ્રશ્ન.૩. નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** (ગુણ ૪)

૧. ગુણ-અવગુણ
૨. સત્પુરુષને વિષે પ્રીતિ

## વિભાગ - ૨ : 'સનાતન ધર્મ અભિગમ' પુસ્તકના આધારે

**પ્રશ્ન.૪. નીચેનામાંથી કોઈ પણ એક વિષે મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૦)

૧. બ્રહ્મચર્યનો પ્રચંડ પ્રતાપ અને આશ્રમ વ્યવસ્થા
૨. સ્વામિનારાયણ સંપ્રદાયમાં મૂર્તિપૂજાનો મહિમા તથા મૂર્તિના પ્રકારો
૩. આત્મા સનાતન છે - પુનર્જન્મના પરિપ્રેક્ષમાં આ વિધાન સમજાવો.

## વિભાગ - ૩ : 'ભગવાન સ્વામિનારાયણ ભાગ-૨, ૩ અને ૪' નવી આવૃત્તિના આધારે

**પ્રશ્ન.૫. નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો.** (ગુણ ૨૦)

૧. વિવિધ શાસ્ત્ર ચર્ચાઓ દ્વારા મતપંથી વિદ્વાનોનો પરાજય
૨. ચરિત્રો દ્વારા વ્યક્ત થતી શ્રીહરિની સર્વોપરિતા
૩. સંતો ભક્તોને નડેલો સ્વભાવ દોષ

**પ્રશ્ન.૬. નીચેનામાંથી કોઈ પણ બે વિષે ટૂંકનોંધ લખો.** (ગુણ ૨૦)

૧. ડભાણ યજ્ઞમાં ન આવી શકેલા ભક્તોના મનોરથ પૂર્ણ કરતાં શ્રીજીમહારાજ
૨. ખૈયા ખત્રીનું પરિવર્તન
૩. જેતલપુરની ગણિકાનું પરિવર્તન
૪. નિર્વિકલ્પાનંદની ઈર્ષ્યા અને મહારાજની ઉદાસીનતા

**નોંધ :- ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૩ જુલાઈ, ૨૦૦૮ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક** (તા. ૧૫ જૂન, ૨૦૦૮; પરીક્ષા : સત્સંગ પ્રાજ્ઞ-૩(૧); માધ્યમ : ગુજરાતી; સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

૯૦૧

પરીક્ષાર્થીની અટક :- પરીક્ષા આપી તે તારીખ :-

પરીક્ષાર્થીનું નામ :- પરીક્ષા આપી તે સમય :-

પિતા / પતિનું નામ :- બેઠક ક્રમાંક :-

પરીક્ષા સ્થળનું નામ :- કેન્દ્ર નંબર :-

પરીક્ષાર્થીની સહી :- કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**